# પત્રક ભાગ–૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

**સોમવાર, ૧૭ નવેમ્બર ,૨૦૨૫**

## ૩૩૦.અંદાજ સમિતિની બેઠક:–

અંદાજ સમિતિની બેઠક મંગળવાર, તા.૦૭/૧૦/૨૦૨૫ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિખંડ–૨માં મળી હતી. આ બેઠકમાં સમિતિએ વન અને પર્યાવરણ વિભાગના તા.૨૩/૦૯/૨૦૨૫ના રોજ આ સચિવાલયને મળેલ મૂળ સાહિત્યની તપાસ હાથ ધરી હતી.

ઉક્ત તપાસ દરમિયાન સમિતિએ વન અને પર્યાવરણ વિભાગમાં 'વન' ને લગતી વિભાગની કામગીરીની પ્રાથમિક ચર્ચા કરી હતી. જેમાં રાજ્યમાં વનવિસ્તાર, વૃક્ષોનું કવર, એશિયાટીક સિંહોને લગતી બાબતો તથા ગીર ખાતે સિંહદર્શનની ઓનલાઇન બુકીંગ પદ્ધતિ, નીલગાયની વધતી સંખ્યા તમામનો સમાવેશ થતો હતો.

વધુમાં, ઉક્ત વિભાગની કામગીરીથી વધુ માહિતગાર થવા માટે થઇને સમિતિએ મંગળવાર, તા.૦૪/૧૧/૨૦૨૫ના રોજની ઉક્ત વિભાગની તપાસ માટે મળનાર આગામી બેઠકમાં ગુજરાતના વનો અને વન્યજીવોને સાંકળતું પ્રેઝન્ટેશન સમિતિમાં રાખવાનું નક્કી કર્યું હતું.

સમિતિની બેઠક બપોરના ૦૧–૪૨ કલાકે પૂરી થઇ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**